# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૩/૦૩/૨૦૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,

યુનિવર્સિટી કેમ્પસ,

યુનિવર્સિટી રોડ,

રાજકોટ–૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માર્ચ માસની સામાન્ય સભા સોમવાર, તા.૨૩/૦૩/૨૦૧૫ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડો. પ્રતાપસિંહ એલ. ચૌહાણ – કુલપતિશ્રી | હાજર |
| ૨ | ઉપકુલપતિશ્રી | –ખાલી– |
| ૩ | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪ | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ (શ્રી કે.પી.ચૌહાણ) | હાજર |
| ૫ | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬ | પ્રિ. ડો. વિજયકુમાર કે. પટેલ | હાજર |
| ૭ | પ્રિ. ડો. યજ્ઞેશભાઈ એમ.જોશી | હાજર |
| ૮ | ડો. મેહુલભાઈ પી.રૂપાણી | હાજર |
| ૯ | ડો. એસ.એસ.શર્મા | હાજર |
| ૧૦ | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૧ | ડો. ગિરીશભાઈ સી.ભીમાણી | હાજર |
| ૧૨ | ડો. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૩ | ડો. નિદત્તભાઈ પી.બારોટ | હાજર |
| ૧૪ | ડો. વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૫ | ડો. ચંદ્રકાંતભાઈ એ. હીરાણી | હાજર |
| ૧૬ | ડો. વિજયભાઈ દેસાણી | હાજર |
| ૧૭ | શ્રી પ્રશાંતભાઈ ચાવલા | હાજર |
| ૧૮ | શ્રી રજનીભાઈ સંઘાણી | હાજર |
| ૧૯ | શ્રી અશોકકુમાર મોઢા | હાજર |

સભાની શરૂઆતમાં ગુજરાત વિદ્યાપીઠનાં પૂર્વ કુલપતિ અને પ્રખર ગાંધીવાદી સ્વ.શ્રી નારાયણભાઈ દેસાઈ, આ યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય, પૂર્વ ડીન અને પૂર્વ પ્રિન્સિપાલ સ્વ.શ્રી એમ.ડી.સીતાપરા તેમજ આ યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારીશ્રી કે.એન.ખેરનાં સ્વ. પિતાશ્રી નારણભાઈ ખેરનું દુઃખદ અવસાન થતાં સભ્યશ્રીઓએ ૨ મીનીટનું મૌન રાખી સદગતને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

ત્યાર બાદ સભ્યશ્રી વિજયભાઈ પટેલ દ્વારા પ્રો.પ્રતાપસિંહ એલ.ચૌહાણની માનનીય કુલપતિ તરીકે નિયુકિત થતાં તેને આવકારેલ હતી અને સર્વે સભ્યોએ તેમને હર્ષભેર વધાવેલ હતી અને સર્વે સભ્યોએ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણને શુભેચ્છા પાઠવી હતી.

પ્રો.પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા સર્વે સભ્યોનો આભાર વ્યકત કરવામાં આવેલ અને આ મિટિંગમાં ઉપસ્થિત ટેકનીકલ શિક્ષણનાં ડેપ્યુટી ડાયરેકટરશ્રી કે.પી.ચૌહાણનું સ્વાગત કર્યુ હતું.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૩૧/૧૨/૨૦૧૪ની મીનીટસ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૩૧/૧૨/૨૦૧૪ની મિનિટસ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ હિસાબ — ફાઈનાન્સ સમિતિની તા.૩૦/૦૮/૨૦૧૪ ને શનિવારના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૩૦/૦૮/૨૦૧૪ની કાર્યવાહીની નોંધ મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ સમિતિની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ હિસાબ — ફાઈનાન્સ સમિતિની તા.૨૫/૧૧/૨૦૧૪ ને મંગળવારના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૫/૧૧/૨૦૧૪ની કાર્યવાહીની નોંધ મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ સમિતિની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ ઓડિટ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ–૫૦ (૨) અનુસાર આ યુનિવર્સિટીના સને ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ ના વર્ષના ગ્રાન્ટ ફંડ, જનરલ ફંડ તેમજ સામાન્ય ભવિષ્યનીધિના ગુજરાત સરકારશ્રીના સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા હિસાબોની ચકાસણી બાદના આવેલ ઓડિટ રીપોટર્સ અન્વયે કાર્યાલય તરફથી સદરહુ ઓડિટ રીપોર્ટસના તૈયાર કરવામાં આવેલ જવાબો રીપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની સભા તા.૧૦/૦૨/૨૦૧૫ને મંગળવારના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સને ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ના સ્થાનિક ભંડોળના ઓડિટ રીપોટર્સ તેમજ તે અંગે તૈયાર કરવામાં આવેલ જવાબો અંગે નિમાયેલ સમિતિની તા.૧૦/૦૨/૨૦૧૫ની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવી તેમજ તે સેનેટ અને રાજય સરકારશ્રી સમક્ષ રજૂ કરવા.**

**(નોંધ : કાર્યવાહીની નોંધ ડી.વી.ડી. સ્વરૂપે આ સાથે સામેલ છે.)**

૫ એસ્ટેટ કમિટિની તા.૨૫/૧૧/૨૦૧૪ ને મંગળવારના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ
બાંધકામ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૫/૧૧/૨૦૧૪ની કાર્યવાહી નોંધ મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.)**

૬ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઓર્ડિનન્સ–૧૬૧–ડી અન્વયેની એકઝામીનેશન ડીફોલ્ટ ઇન્કવાયરી
પરીક્ષા–૨ કમિટિમાં માનનીય કુલપતિશ્રી દ્વારા ચાર (૪) સિન્ડિકેટ સભ્યશ્રીઓની નિયુકિત કર્યાના કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : પરીક્ષા વિભાગની ઉકત સંદર્ભની તા.૩૧/૦૩/૨૦૧૩ની મંજૂર થયેલ નોંધ પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૭ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ ૧૮(૧) (vii)ની જોગવાઈના સંદર્ભમાં આગામી
પરીક્ષા–૫ માર્ચ–૨૦૧૫ની સેનેટ સભામાં જે વિદ્યાર્થીઓએ પદવી/ ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય અને પદવી / ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય, તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ ૧૫૮ માં દર્શાવેલ પદવી / ડીપ્લોમાં સેનેટ સભામાં હાજર / ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ ૧૮(૧)(vii) અન્વયે ભલામણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ–૧૮ (૧) (vii) મુજબ તા. ૨૯/૦૩/૨૦૧૫ના રોજ મળનાર સેનેટની સભામાં યોજાનાર પદવીદાન સમારંભમાં જે વિદ્યાર્થીઓએ આવેદનપત્ર ભર્યા હોય અને પદવી / ડીપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીને સ્ટેચ્યૂટ–૧૫૮માં દર્શાવેલ જે તે પદવી / ડીપ્લોમાં સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને ભલામણ કરવી.**

૮ શ્રી મારવાણીયા પ્રતિકકુમાર અરવિંદભાઈએ એપ્રિલ–૨૦૧૨માં પી.જી.ડી.સી.એ. પરીક્ષા
પરીક્ષા–૫ તથા એમ.એ. એકસર્ટનલ પાર્ટ–૧ની પરીક્ષા એકવર્ષે પાસ કરેલ છે. સદરહું વિદ્યાર્થીની તા.૨૬/૦૮/૨૦૧૪ની અરજી અન્વયે પી.જી.ડી.સી.એ. પરીક્ષાની પદવી રદ કરવા બાબત.

**આથી ઠરાવવમાં આવે છે કે ઉપરોકત બાબત હાલ મુલત્વી રાખવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે કઈ પદવી/પરીક્ષા રદ થાય તે બાબતે લીગલ અભિપ્રાય મેળવવો.**

૯ સામાન્ય — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ (૧૯) (૧) [iv] [v] [vi] અને [vii] અન્વયે નીચે ક્રમ ૧,૨,૩ અને ૪ પર દર્શાવેલ વિગતે સિન્ડિકેટ સભ્યોની ચુંટણી તેમજ સ્ટેચ્યુટ ૧૧૨ અન્વયે નીચે ક્રમ–૫ પર દર્શાવેલ વિગતે બોર્ડ ઓફ એકાઉન્ટસની ચુંટણી યોજવાની થાય છે. સ્ટેચ્યૂટ ૭૯ અનુસાર ચુંટણી સેનેટની સભામાં યોજવાની થતી હોય ખાસ સેનેટની સભા બોલાવવાની થાય છે. આ સેનેટની સભા બોલાવવાની તારીખ તથા સમય નકકી કરવા વિચારણા કરવા બાબત.

તા.૨૩/૦૫/૨૦૧૫ થી અમલમાં આવનાર સિન્ડિકેટ / બોર્ડ ઓફ એકાઉન્ટસની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ / સ્ટેચ્યૂટ મુજબની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | મતદાર વિભાગ | જગ્યા |
|---|---|---|
| ૧ | કલમ–૧૯ (૧) [iv] – સંલગ્ન પદવી કોલેજોના આચાર્યો / માન્ય સંસ્થાઓ વડાઓ પૈકી | સિન્ડિકેટની બે જગ્યા |
| ૨ | કલમ–૧૯ (૧) [v] – સેનેટ પર ચૂંટાયેલા શિક્ષકો પૈકી | સિન્ડિકેટની એક જગ્યા |
| ૩ | કલમ–૧૯ (૧) [vi] – ભવનોના વડાઓ પૈકી | સિન્ડિકેટની એક જગ્યા |
| ૪ | કલમ–૧૯ (૧) [vii] – સેનેટ પર આચાર્ય, શિક્ષક, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડા, હેડ માસ્તર તથા સેકન્ડરી ટીચર્સ સિવાયના સભ્યો પૈકી | સિન્ડિકેટની પાંચ જગ્યા |
| ૫ | સ્ટેચ્યૂટ–૧૧૨ સિન્ડિકેટ સભ્ય ન હોય તેવા સેનેટ સભ્યો પૈકી | બોર્ડ ઓફ એકાઉન્ટસની ત્રણ જગ્યા |

**આથી ઠરાવવામાં આવે છે કે સેનેટની સભા બોલાવવાની તારીખ તથા સમય નકકી કરવા અંગે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ : ૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ (૧૯) (૧) [iv] [v] [vi] અને [vii] સ્ટેચ્યુટ–૭૯, ૮૦ તેમજ ૧૧૨ ની નકલ તથા**
**૨. સામાન્ય વિભાગની તા.૦૯/૧૨/૨૦૧૪ ની નોંધ પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૦ મહેકમ–અ — યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલસાયન્સ અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ માટે કરાર આધારીત એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં અધ્યાપકની મુદત બ્રેક આપી ફરીથી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ડો. નસીર વડીયા | ફાર્માસ્યુટીકલ સાયન્સ ભવન | તા.૦૬/૦૯/૧૪ | તા.૧૫/૯/૧૪ થી તા.૧૪/૮/૧૫ |

(નોંધ : યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલસાયન્સ અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ માટે કરાર આધારીત એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૧ મહેકમ–અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં અધ્યાપકોની મુદત બ્રેક આપી ફરીથી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| **ક્રમ** | **અધ્યાપકશ્રીનું નામ** | **ભવનનું નામ** | **મુદત પૂર્ણ થયા તારીખ** | **મુદત લંબાવી આપ્યા તારીખ** |
|---|---|---|---|---|
| ૧. | શ્રી શાહ જીનલ | આંકડાશાસ્ત્ર | તા.૨૬/૧૦/૧૪ | તા.૩/૧૧/૧૪ થી તા.૨/૧૦/૧૫ |
| ૨. | શ્રી માણેક વિરેન. | આંકડાશાસ્ત્ર | તા.૨૬/૧૦/૧૪ | તા.૩/૧૧/૧૪ થી તા.૨/૧૦/૧૫ |
| ૩. | શ્રી સવસાણી મયુર | આંકડાશાસ્ત્ર | તા.૨૬/૧૦/૧૪ | તા.૩/૧૧/૧૪ થી તા.૨/૧૦/૧૫ |
| ૪. | શ્રી દિવ્યેશ સંઘાણી | વાણિજય | તા.૩૦/૧૧/૧૪ | તા.૮/૧૨/૧૪ થી તા.૭/૧૧/૧૫ |

(નોંધ : યુનિવર્સિટીનાં ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૨ મહેકમ–અ યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.એ.વી.દુધરેજીયાની નિમણૂંક બી.કે.મોદી ફાર્મસી કોલેજ, રાજકોટ ખાતે ખાતાનાં વડા તરીકે થતા તેઓને તા.૨૯/૧૨/૧૪ ના રોજ કાર્યાલય સમય બાદ ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પરથી ફરજ મુકત કર્યાના તથા એક માસનો નોટીસ પીરીયડ વેવ કર્યાનો માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અંગે.

(નોંધ : ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવનનાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડો.એ.વી.દુધરેજીયાની નિમણૂંક ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૯/૧૨/૧૪ ના જાહેરનામાંથી રાજકોટ ખાતેની બી.કે.મોદી ફાર્મસી કોલેજમાં ખાતાના વડા તરીકે થતા તેઓને ફાર્મસી ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પરથી તા.૨૯/૧૨/૧૪ ના રોજ કાર્યાલય સમય બાદ ફરજ મુકત કર્યાના તથા તેમનો નોટીસ પીરીયડ વેવ કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૩ મહેકમ–અ

ડો.એ.કે.શાહ પ્રોફેસર,(CAS) રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવનની ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કુલનાયક પદે નિમણૂંક થતાં તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા. ૦૩/૦૯/૨૦૧૬ એટલે કે તેઓની યુનિવર્સિટી સેવાની વયનિવૃતિ સુધીનું રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવનની મૂળ જગ્યા પ્રોફેસર (CAS) પરનું લીયન મંજુર કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા.

(નોંધ : ઓર્ડિનન્સ ૨૦૫ ના એપેન્ડીકસ ૦૬ ની કલમ ૧૨ મુજબ જયારે યુનિવર્સિટીનાં કોઈપણ અધ્યાપકને ગુજરાત સરકાર અથવા ભારત સરકાર અથવા સ્ટેચ્યૂટરી બોડી દ્વારા કોઈ ઉચ્ચ એકઝીકયુટીવ જગ્યા પર જે સમયગાળા માટે નિમણૂંક આપવામાં આવે તો તે સમયગાળા માટે સિન્ડિકેટ આવા અધ્યાપકને તેમની મૂળ જગ્યા પર લીયન આપી શકે છે.

ઉપર્યુકત જોગવાઈઓ ધ્યાને લઈ ડો.શાહની વય નિવૃતિ તા.૦૩/૦૯/૨૦૧૬ હોય, સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તેઓની રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવનની પ્રોફેસર (CAS) ની મૂળ જગ્યા પરનું લીયન તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા. ૦૩/૦૯/૨૦૧૬ સુધી મંજુર કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ડો.એ.કે.શાહની ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કુલનાયક પદે નિમણૂંક થતાં સિન્ડિકેટ સભા તરફથી શુભકામના પાઠવવી.**

૧૪ મહેકમ–અ

સિન્ડિકેટની તા. ૨૪/૦૪/૧૪ ની સભામાં ઠરાવ ક્રમાંક ૪ થી યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે લીયન / ડેપ્યુટેશન સબંધી નિયમો નકકી કરવા માટેની કમિટીની તા.૧૦/૧૨/૧૪ ના રોજ મળેલ બેઠકનાં અહેવાલ પરત્વે વિચારણા થવા બાબત.

(નોંધ : સિન્ડિકેટની તા.૨૪/૦૪/૧૪ ની સભામાં ઠરાવ ક્રમાંક ૪ થી યુનિવર્સિટીનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે લીયન / ડેપ્યુટેશન સબંધી નવા નિયમો નકકી કરવા માટે સિન્ડિકેટ સભ્યોશ્રીઓ (૧) ડો.ભાવિનભાઈ કોઠારી (૨) ડો. વિજયભાઈ પટેલ (૩) ડો.યજ્ઞેશભાઈ જોશી (૪) શ્રી નેહલભાઈ શુકલ (૫) ડો.ચંદ્રકાંત હિરાણીની કમિટીની રચના કરવામાં આવેલ.

આ કમિટીની બેઠક તા.૧૦/૧૨/૧૪ ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ હતી. જેમાં યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે લીયન / ડેપ્યુટેશન સંદર્ભમાં જે નવા નિયમો તૈયાર કરવામાં આવેલ છે, તેનાં અહેવાલ પરત્વે વિચારણા કરવાની થાય છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે કમિટિની ભલામણો સુચવવામાં આવેલ સુધારાઓ સાથે મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ નિયમો ઠરાવની તારીખથી અમલમાં આવશે.**

**(નોંધ : સુધારા સાથેનું પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૫ મહેકમ–અ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનમાં "વોક ઈન ઈન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે ₹૧૬,૫૦૦/– ફિક્સ વેતનથી નિમણૂંક કરવા માટે મળેલી જુદી જુદી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણૂંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| **ક્રમ** | **ભવનનું નામ** | **જાહેરાત આપ્યા તારીખ** | **વરણી સમિતિની તારીખ** | **પસંદ થયેલ ઉમેદવારનું નામ** | **પગાર ધોરણ** |
|---|---|---|---|---|---|
| ૧ | હ્યુમન રાઈટ્સ અનુસ્નાતક ભવન | તા.૦૪/૧૧/૧૪ | તા.૧૩/૧૧/૧૪ | શ્રી પરમેશ્વરી જી.રાજયગુરૂ | ₹૧૬,૫૦૦/– ફિક્સ |
| ૨ | હ્યુમન રાઈટ્સ અનુસ્નાતક ભવન | તા.૦૪/૧૧/૧૪ | તા.૧૩/૧૧/૧૪ | શ્રી માંજરીયા ભગીરથસિંહ એન. | ₹૧૬,૫૦૦/– ફિક્સ |
| ૩ | કાયદા અનુસ્નાતક ભવન | તા.૦૧/૧૧/૧૪ | તા.૧૩/૧૧/૧૪ | શ્રી આનંદ એચ. ચૌહાણ | ₹૧૬,૫૦૦/– ફિક્સ |
| ૪ | બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવન | તા.૧૪/૧૧/૧૪ | તા.૧૯/૧૧/૧૪ | શ્રી અશ્વિન એચ. સોલંકી | ₹૧૬,૫૦૦/– ફિક્સ |
| ૫ | સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન | તા.૦૪/૧૨/૧૪ | તા.૦૫/૧૨/૧૪ | શ્રી પરાગ ડી. દેવાણી | ₹૧૬,૫૦૦/– ફિક્સ |
| ૬ | ઈલેક્ટ્રોનિક્સ અનુસ્નાતક ભવન | તા.૨૧/૧૧/૧૪ | તા.૧૧/૧૨/૧૪ | શ્રી રોનક એમ. વિઠલાણી | ₹૧૬,૫૦૦/– ફિક્સ |
| ૭ | હોમસાયન્સ અનુસ્નાતક ભવન | તા.૧૨/૧૨/૧૪ | તા.૧૮/૧૨/૧૪ | શ્રી ગીતાબેન એ.રાઠોડ | ₹૧૬,૫૦૦/– ફિક્સ |

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૬ મહેકમ–બ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં પાર્ટટાઈમ ફિક્સ પગારમાં એડહોક ધોરણે તબીબી અધિકારી તરીકે ડૉ. એન. ડી. અગ્રાવતની તા.૩૧/૧૨/૨૦૧૪ સુધી નિમણૂંક લંબાવ્યા અંગે તથા વખતો વખત નિમણૂંકની મુદત લંબાવ્યા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ : ડૉ. નરેન્દ્ર ડી. અગ્રાવતને અત્રેના તા.૧૬/૧૧/૨૦૧૧ના નં.મહેકમ/બ/૨/૧૬૦૨/૨૦૧૧ના કચેરી આદેશથી તબીબી અધિકારી તરીકે પાર્ટટાઈમ ફિક્સ પગારમાં (માસિક ₹૧૧૦૦૦/– ફિક્સ પગાર + ૧૦૦૦ પેટ્રોલ એલાઉન્સ) નિમણૂંક કરવામાં આવેલ હતી. ઉપર્યુકત માસિક ફિક્સ મહેનતાણું સુધાર્યા અંગે સિન્ડિકેટે તેની તા.૨૧/૧૧/૨૦૧૧ની સભાના ઠરાવ નં.૨૮ થી બહાલી આપેલ છે.

અત્રેના તા.૧૩/૧૨/૨૦૧૧ના નં.મહેકમ/બ/૨/૧૭૩૦/'૧૧ના હુકમની ૧ માસ માટે નિમણૂંક લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૧૮/૦૧/૨૦૧૨ના નં.મહેકમ/બ/૨/૧૮૫૬/'૧૨ના હુકમથી ૨ માસ માટે નિમણૂંક લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૨૮/૦૩/'૧૨ ના નં.મહેકમ/બ/૨/૨૧૩૯/'૧૨ના હુકમથી તા.૩૧/૦૫/'૧૨ સુધી નિમણૂંક લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૩૧/૦૫/૨૦૧૨ ના નં.મહેકમ/બ/૨/૩૫૫/'૧૨ ના હુકમથી તા.૩૦/૦૬/'૧૨ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૩૧/૦૬/૨૦૧૨ ના નં.મહેકમ/બ/૨/૪૭૨/'૧૨ ના હુકમથી તા.૩૧/૧૦/'૧૨ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૧૭/૧૦/૨૦૧૨ ના નં.મહેકમ/બ/૧/૮૨૦/'૧૨ના હુકમથી તા.૨૮/૦૨/'૧૩ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૧૮/૦૨/'૧૩ ના નં.મહેકમ/બ/૧/૧૩૦૭/'૧૨ના હુકમથી તા.૩૧/૦૫/'૧૩ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૦૬/૦૫/૨૦૧૩ ના નં.મહેકમ/બ/૧/૧૦૨/'૧૩ના હુકમથી તા.૩૧/૦૭/'૧૩ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૧૬/૦૭/૨૦૧૩ ના નં.મહેકમ/બ/૧/૪૧૯/'૧૩ના હુકમથી તા.૩૧/૧૨/'૧૩ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૨૪/૧૨/૨૦૧૩ ના નં.મહેકમ/બ/૧/૯૮૦/'૧૩ના હુકમથી તા.૩૧/૦૩/'૧૪ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૧૦/૦૩/૨૦૧૪ના નં.મહેકમ/બ/૧/૨૦૮૫/'૧૩ના હુકમથી તા.૩૧/૦૭/'૧૪ સુધી મુદત લંબાવવામાં આવેલ હતી.

અત્રેના તા.૧૪/૦૭/૨૦૧૪ ના નં.મહેકમ/બ/૬/૫૭૩/'૧૩ના હુકમથી તા.૩૦/૦૯'૧૪ સુધી મુદત લંબાવવામાં આવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૭ મહેકમ–બ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : વલભ–૧૦૨૦૧૪–જીઓઆઈ–૦૯–ચ તા.૦૧/૧૦/૨૦૧૪ ના ઠરાવ થી સરકારશ્રીના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાંના દરમાં તા.૦૧/૦૭/૨૦૧૪ થી વધારો કરેલ છે તે સરકારશ્રીના ઠરાવ મુજબ મોંઘવારી ભથ્થાંની રકમ ચૂકવ્યા અંગેની જાણ થવા બાબત.

(નોંધ : ૧. તા.૦૧/૦૭/૨૦૧૪ થી ચૂકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાંનો દર મૂળપગારના ૧૦૭%

૨. સિન્ડિકેટની તા. ૨૪/૩/૭૮ ની સભામાં (ઠરાવ નં.૧ પેટા–૧૭) નીચે મુજબ છે.
"સરકારશ્રી તરફથી જયારે જયારે મોંઘવારી ભથ્થાંના દરમાં વધારો કરવાનો ઠરાવ યુનિવર્સિટીમાં આવે કે તુરતજ તેનો અમલ કરવો અને સિન્ડિકેટની જાણ માટે મુકવું.")

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીનાં ઉપર્યુકત કાર્યની નોંધ લીધી.**

**(નોંધ : સરકારશ્રીનો ઉપર્યુકત ઠરાવ પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૮ મહેકમ–બ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : બનસ / ૧૦૨૦૧૪ / જીઓઆઈ – ૮ – ચ, તા.૦૭/૧૦/૨૦૧૪ના ઠરાવ અનુસાર યુનિવર્સિટીમાં પે બેન્ડ ₹૪૪૪૦–૭૪૪૦, ગ્રેડ પે ₹૧૬૫૦/– અને તેનાથી નીચેના પગાર ધોરણમાં સેવા બજાવતાં વર્ગ–૪ના કર્મચારીઓને સને ૨૦૧૩–૧૪ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસનું તદર્થ (એડહોક) બોનસ ચૂકવ્યા અંગેની નોંધ લેવા બાબત.

(નોંધ ::– ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃબનસ/૧૦૨૦૧૪/જીઓઆઈ –૮–ચ, તા.૦૭/૧૦/૨૦૧૪ના ઠરાવથી સને ૨૦૧૩–૧૪ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસનું તદર્થ (એડહોક) બોનસ પે બેન્ડ ₹૪૪૪૦–૭૪૪૦, ગ્રેડ પે ₹૧૬૫૦/– અને તેનાથી નીચેના પગાર ધોરણમાં સેવા બજાવતાં વર્ગ–૪ના કર્મચારીઓને ચૂકવવા ઠરાવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીનાં ઉપર્યુકત કાર્યની નોંધ લીધી.**

**(નોંધ : સરકારશ્રીનો ઉપર્યુકત ઠરાવ પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૯ મહેકમ–બ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)ઝ.૧ ના ઠરાવથી રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ પર સીધી ભરતીથી થતી નિમણૂંકોનો ફિકસ પગાર સુધારવામાં આવેલ છે. તે ઠરાવની જોગવાઈ મુજબ સુધારવામાં આવેલ ફિકસ પગારની રકમ યુનિવર્સિટીના કર્મચારીઓને લાગુ પાડવા અંગેની માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ : ૧. રાજય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવથી માસિક ફિકસ પગારના નકકી કરેલા દરમાં નીચેના પત્રકમાં કોલમ–૩ માં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે.

| ક્રમ | હાલનો ફિક્સ પગાર (રૂપિયા) તા.૦૬/૧૦/૨૦૧૧ના ઠરાવ મુજબ | સુધાર્યા મુજબનો ફિક્સ પગાર (રૂપિયા) |
|---|---|---|
| ૧. | ₹૪,૫૦૦/– | ₹૭,૧૦૦/– |
| ૨. | ₹૫,૩૦૦/– | ₹૭,૮૦૦/– |
| ૩. | ₹૯,૪૦૦/– | ₹૧૩,૫૦૦/– |
| ૪. | ₹૧૦,૦૦૦/– | ₹૧૩,૭૦૦/– |

૨. આ સુધારેલ પગારનો અમલ તા.૦૧/૧૦/૨૦૧૪થી કરવાનો રહેશે. રાજય સરકારમાં હવે પછી ફિક્સ પગારનીતા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અન્વયેની નિતિ અનુસાર સીધી ભરતીથી થતી નિમણૂંકોમાં પણ આ ઠરાવથી સુધાર્યા મુજબનો ફિક્સ પગાર ચૂકવવાનો રહેશે.

૩. નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને તા.૦૧/૦૮/૨૦૦૬ તેમજ સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : સરકારશ્રીનો ઉપર્યુકત ઠરાવ પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૦ મહેકમ–બ

નાયબ કુલસચિવ તરીકે ફરજ બજાવતા ડો. જી. કે. જોશીને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર ખાતે જોઈન્ટ રજીસ્ટ્રાર તરીકે એક (૧) વર્ષ માટે ડેપ્યુટેશન પર મોકલેલ હોય તેમનુ એક વર્ષનું ડેપ્યુટેશન મંજૂર કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ : ૧. ડો. જી. કે. જોશી હાલ અત્રેની યુનિવર્સિટીમાં નાયબ કુલસચિવ તરીકે ફરજ બજાવે છે.

૨. પ્રો.એસ.એ.બારી, કુલપતિશ્રી, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતનો આ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીને અંગત રીતે સંબોધાયેલ તા.૨૮/૧૦/૨૦૧૪ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓની યુનિવર્સિટીમાં અનુભવ સાથે એડમીનીસ્ટ્રેશન તથા એસ્ટાબ્લીસમેન્ટનો બહોળો અનુભવ ધરાવતા અધિકારીની જરૂરીયાત છે. આ સંજોગોમાં હાલ શરૂઆતના તબકકે બે વર્ષ માટે ડેપ્યુટેશન ઉપર તેમની યુનિવર્સિટીમાં જોઈન્ટ રજીસ્ટ્રાર તરીકે સેવા આપવા કેન્દ્ર સરકારશ્રીના તથા યુ.જી.સી.ના નીતિ નિયમો અને શરતો મુજબ આ યુનિવર્સિટીના નાયબ કુલસચિવ (પરીક્ષા) ડો. જી. કે. જોશીને મોકલવા માટે આમંત્રણ આપી વિનંતી કરેલ છે.

૩. નાયબ કુલસચિવ (પરીક્ષા) ડો.જી.કે.જોશીને આ કાર્યાલયના તા.૨૯/૧૦/૧૪ ના કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૯૧૦/૨૦૧૪ થી ઉકત યુનિવર્સિટીમાં હાજર થવા માટે તા.૨૯/૧૦/૨૦૧૪ના રોજ કાર્યાલય સમયબાદ રીલીવ કરવામાં આવેલ છે.

૪. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત,ગાંધીનગરના તા.૩૦/૧૦/૨૦૧૪ના ઓફિસ ઓર્ડર નં. F.No.4-96/2014-Admn./5603 માં જણાવ્યા પ્રમાણે ડો.જી.કે.જોશી ઉકત યુનિવર્સિટીમાં તા.૩૦/૧૦/૨૦૧૪ના રોજ હાજર થયેલ છે અને તેમનો હોદ્દો જોઈન્ટ રજીસ્ટ્રાર તરીકેનો ગણવામાં આવેલ છે.

૫. આ અગાઉ આ યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી શ્રી કે.એન.ખેરને નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, ગાંધીનગર ખાતે ડેપ્યુટેશન જનરલ મેનેજર (ફાઈનાન્સ) તરીકે પાંચ વર્ષના ડેપ્યુટેશન ઉપર મોકલવા સંદર્ભે તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં નીચે પ્રમાણે ઠરાવ થયેલ છે.

ઠરાવ નં.–૯

આથી ઠરાવવામાં આવે છે કે મુખ્ય હિસાબી અધિકારીશ્રી કે.એન. ખેરને ડેપ્યુટી જનરલ મેનેજર (ફાઈનાન્સ), નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીની તાબા હેઠળની જગ્યા પર ડેપ્યુટેશન પર જવા મંજૂરી આપવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ કર્મચારી ડેપ્યુટેશન પર જવા ઈચ્છતા હોય / મોકલવાના થતા હોય તે કર્મચારીની બાબત અગાઉથી સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે મૂકવી.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : આ યુનિવર્સિટીમાં અસ્તિત્વમાં રહેલ ડેપ્યુટેશનના નિયમોની નકલ પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૧ મહેકમ–બ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં ડ્રાઈવરની જગ્યા પર પ્રતિમાસ ₹૨૫૦૦/– (તા.૦૧/૧૦/'૧૪ થી ₹૭૮૦૦/–) ના ફિક્સ પગારથી પાંચ વર્ષ માટે કરારના ધોરણે ફરજ બજાવતાં શ્રી બીસુભાઈ ભાયાભાઈ વાંકને ડ્રાઈવરની જગ્યામાં તા.૦૧/૧૨/૨૦૧૪થી પે બેન્ડ ₹૫૨૦૦–૨૦,૨૦૦/– + ગ્રેડ પે ₹૧૯૦૦/– ના નિયમિત પગારધોરણમાં નિમણૂંક કર્યા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ : ૧. શ્રી બીસુભાઈ ભાયાભાઈ વાંકને અત્રેના તા.૨૯/૧૦/૨૦૦૯ના નં.મહેકમ/૨/૧૩૩૬/'૦૯ના નિમણૂંકપત્રથી સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૦/૧૦/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ સરપ–૧૩૦૫–૩૦૭૨–ખ ના ઠરાવ મુજબ તથા સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃભરત–૧૦૨૦૦૪–૩૮૫–ક ના ઠરાવની જોગવાઈ મુજબ પ્રથમ તબકકે પાંચ વર્ષ માટે ફિકસ પગારમાં કરાર આધારિત નિમણૂંક આપવામાં આવેલ હતી. તા.૨૦/૧૦/૨૦૦૫ના ઠરાવના ક્રમ–૨૧ મુજબ પાંચ વર્ષ બાદ સેવાઓ સંતોષકારક જણાય તો નિયમિત પગાર ધોરણની જગ્યા સામે સમાવવાના થાય છે.

૨. શ્રી બીસુભાઈ ભાયાભાઈ વાંક ડ્રાઈવરની જગ્યા પર તા.૦૧/૧૨/૨૦૦૯ના રોજ હાજર થયેલ છે.

૩. સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવ નં.સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫ માં દર્શાવેલ સેવાની શરતો અને બોલીઓના ક્રમ–૧૧(૧) મુજબ નિયમિત નિમણૂંક આપવાની વિચારણા કરતી વખતે મુલ્યાંકન પત્રક ધ્યાને લેવામાં આવેલ હતું.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૨૨ મહેકમ–બ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં પાર્ટટાઈમ ફિકસ પગારમાં એડહોક ધોરણે તબીબી અધિકારી તરીકે ડો. એન.ડી.અગ્રાવતની તા.૩૦/૦૬/૨૦૧૫ સુધી નિમણૂંક લંબાવ્યા અંગે તથા વખતો વખત નિમણૂંકની મુદત લંબાવ્યા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ : ૧. ડો. નરેન્દ્ર ડી. અગ્રાવતને અત્રેના તા.૧૬/૧૧/૨૦૧૧ના નં.મહેકમ/બ/ર/૧૬૦૨/૨૦૧૧ના કચેરી આદેશથી તબીબી અધિકારી તરીકે પાર્ટટાઈમ ફિકસ પગારમાં (માસિક ₹૧૧૦૦૦/– ફિકસ પગાર + ૧૦૦૦ પેટ્રોલ એલાઉન્સ) નિમણૂંક કરવામાં આવેલ હતી. ઉપર્યુકત માસિક ફિકસ મહેનતાણું સુધાર્યા અંગે સિન્ડિકેટે તેની તા.૨૧/૧૧/૨૦૧૧ની સભાના ઠરાવ નં.૨૮ થી બહાલી આપેલ છે.

૨. ડો.એન.ડી.અગ્રાવતની વખતો વખત મુદત લંબાવવામાં આવેલ હતી.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નિયમિત જગ્યા ભરવા માટે કાર્યવાહી કરવી અને ત્યાં સુધી ડો. નરેન્દ્ર ડી. અગ્રાવતની નિમણૂંકની મુદત લંબાવવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૨૩ જોડાણ સંકલ્પ સોશ્યલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત– શ્રી એચ.એન.શુકલ કોલેજ ઓફ આઈ.ટી એન્ડ મેનેજમેન્ટ, રાજકોટનાં લોકેશન ચેન્જ અંગેની અરજી પર માન.કુલપતિશ્રી દ્વારા નિમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

| **જુનુ સરનામુ** | **નવું સરનામુ** |
|---|---|
| સંકલ્પ સોશ્યલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત –<br>શ્રી એચ.એન.શુકલ કોલેજ ઓફ આઈ.ટી એન્ડ મેનેજમેન્ટ,<br>દિગ્વીજય મેઈન રોડ,<br>શાલીગ્રામ એપાર્ટમેન્ટ,<br>દિવાનપરા પોલીસ સ્ટેશન સામે,<br>રાજકોટ.<br>પો.બોકસ નં.૫૩૯. રાજકોટ. | સંકલ્પ સોશ્યલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત–<br>શ્રી એચ.એન.શુકલ કોલેજ ઓફ આઈ.ટી એન્ડ મેનેજમેન્ટ,<br>વૈશાલીનગર,<br>આમ્રપાલી ફાટક પાસે,<br>રૈયા રોડ,<br>રાજકોટ. |

(નોંધ : ૧. સ્થાનિક તપાસ સમિતિ દ્વારા નવી જગ્યાએ યુનિવર્સિટીના નિયમોનું પાલન થાય છે તેમ જણાવેલ છે.

૨. સંસ્થાએ ૩૦ વર્ષનું લીઝ ડીડ રજુ કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સ્થળ ફેરફાર અંગેની બાબત મંજૂર કરવી.**

**(નોંધ : સ્થાનિક તપાસ સમિતિનો બે સભ્યશ્રીનો તા.૦૯/૦૨/૨૦૧૫નો અહેવાલ પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૪ જોડાણ શ્રી મહાત્મા ગાંધી ટ્રસ્ટ સંચાલિત – શ્રીમતિ જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ, રાજકોટ તરફથી જુન–૨૦૧૪ થી નવી કોલેજમાં વિનયન વિદ્યાશાખાનાં પ્રથમ વર્ષ બી.એ.(આઈ.ડી.)નાં નવા અભ્યાસક્રમનું જોડાણ આપવા માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરી સિન્ડિકેટ તા.૧૪/૦૬/૧૪ની સભાના ઠરાવ નં.૭ થી નવી કોલેજમાં બી.એ.ના નવા અભ્યાસક્રમ શરૂ કરવા રાજય સરકારને ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ છે. યુનિવર્સિટીએ મુકેલ જોડાણની શરતો તેમજ સ્થાનિક તપાસ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવાની શરતે નીચે દર્શાવેલ વિગતે સદરહું કોલેજને તા.૧૫/૦૬/૧૪ થી ૧૪/૦૬/૧૫ સુધીનું એક વર્ષ માટે નવા અભ્યાસક્રમનાં જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવા તથા તે અંગેની સૈદ્ધાંતિક પુર્વમંજુરીની દરખાસ્ત કરવા અંગેની આપેલ મંજુરીના કાર્યને નોંધ લેવી.

**જોડાણની વિગતો :–**
વિદ્યાશાખા : (નવું જોડાણ)
પ્રથમ વર્ષ બી.એ.(આઈ.ડી.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીનાં ઉપર્યુકત કાર્યની નોંધ લેવી.**

૨૫ જોડાણ સ્વ.મસરીભાઈ આલાભાઈ ચાંડેરા એજયુકેશન ટ્રસ્ટ–લોએજ સંચાલિત–શ્રીમતિ વી.એમ.ચાંડેરા આર્ટસ કોલેજ, દિવરાણા(ધાર), તા.માંગરોળ, જી.જુનાગઢનાં ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર અંગેની અરજી પરત્વે માન.કુલપતિશ્રી દ્વારા સ્થાનીક તપાસ સમિતિનાં સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે. માન.કુલપતિશ્રી દ્વારા નિમવામાં આવેલ સ્થાનીક તપાસ સમિતિનાં અહેવાલ સિન્ડિકેટ તા.૨૪/૦૭/૧૪માં વિચારણા માટે મુકવામાં આવેલ, ઉકત સિન્ડિકેટના ઠરાવ–૫ અનુસાર ઉકત સંસ્થાને તેઓનું ટ્રસ્ટ તથા સુચિત ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓનાં સાધનીક કાગળોની વિગતો મંગાવવામાં આવેલ હતી. સંસ્થા તરફથી તા.૨૬/૦૮/૧૪નાં પત્રથી ઉપર્યુકત બંને ટ્રસ્ટોનાં નોંધણીના દાખલાની નકલ તથા ટ્રસ્ટડીડ અત્રે રજુ કરેલ છે. જે ધ્યાને લઈ સંસ્થાની ટ્રસ્ટ ફેરફારની અરજી અંગે ફેરવિચારણા કરવા બાબત.

| **જુના ટ્રસ્ટનુંસરનામુ** | **નવા ટ્રસ્ટનું સરનામુ** |
|---|---|
| સ્વ.મસરીભાઈ આલાભાઈ ચાંડેરા એજયુકેશન ટ્રસ્ટ – લોએજ સંચાલિત – શ્રીમતિ વી.એમ.ચાંડેરા આર્ટસ કોલેજ, દિવરાણા(ધાર), તા.માંગરોળ, જી.જુનાગઢ. | જય ચામુંડા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – લોએજ સંચાલિત– શ્રીમતિ વી.એમ. ચાંડેરા આર્ટસ કોલેજ, દિવરાણા(ધાર), તા.માંગરોળ, જી.જુનાગઢ. |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબત હાલ મુલત્વી રાખવી.**

**(નોંધ : સંસ્થાના તા.૨૬/૦૮/૧૪નાં પત્રથી ઉપર્યુકત બંને ટ્રસ્ટોનાં નોંધણીના દાખલાની નકલ તથા ટ્રસ્ટડીડની નકલ પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૬ જોડાણ સર્વોદવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત – યાદવ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, જુનાગઢનાં લોકેશન ચેઈન્જ અંગેની અરજી પરત્વે માન.કુલપતિશ્રી દ્વારા સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે. માન.કુલપતિશ્રી દ્વારા નિમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

| **જુનુ સરનામુ** | **નવું સરનામુ** |
|---|---|
| સર્વોદવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત –<br>યાદવ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ,<br>ઠે :– ટીબાવાડી બાયપાસ ગેટ પાસે, મધુરમ,<br>જુનાગઢ. | સર્વોદવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત–<br>યાદવ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ,<br>પ્રમુખવિહાર સોસાયટી, વંથલી રોડ,<br>ભરાડ વિદ્યામંદિરની બાજુમાં,<br>શ્રીબાઈ કન્યા છાત્રાલય બીલ્ડીગ,<br>જુનાગઢ. |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સ્થળ ફેરફાર અંગેની બાબત મંજૂર કરવી.**

**(નોંધ : સમિતિ દ્વારા લોકેશન ચેઈન્જની માંગણી ગ્રાહય રાખવામાં આવેલ છે. સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૭ જોડાણ શ્રી ઉમિયા પટેલ કેળવણી મંડળ સંચાલિત – શ્રી જયયોગેશ્વર આર્ટસ અને કોમર્સ કોલેજ, વીરપુર(ગીર), ધાવા રોડ, તા.તાલાલા(ગીર)ના નામ ફેરફાર અંગેની તા.૧૭/૦૯/૨૦૧૪ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

| **કોલેજનું જુનું નામ** | **કોલેજનું નવું નામ** |
|---|---|
| શ્રી ઉમિયા પટેલ કેળવણી મંડળ સંચાલિત–<br>શ્રી જય યોગેશ્વર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ<br>કે/ઓ.શ્રી ઉમિયા શૈક્ષણિક સંકુલ,<br>વીરપુર (ગીર), ધાવા રોડ,<br>તા.તાલાલા(ગીર)<br>પીન–૩૬૨૧૫૦ | શ્રી ઉમિયા પટેલ કેળવણી મંડળ સંચાલિત–<br>ડો.ડાયાભાઈ કાનજીભાઈ ઉકાણી મહિલા કોલેજ<br>કે/ઓ.શ્રી ઉમિયા શૈક્ષણિક સંકુલ,<br>વીરપુર (ગીર), ધાવા રોડ,<br>તા.તાલાલા(ગીર)<br>પીન–૩૬૨૧૫૦ |

(નોંધ : ટ્રસ્ટ દ્વારા ઓર્ડિનન્સ–૧૪૪ મુજબ નામ ફેરફારની ફી ભરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત નામ ફેરફાર અંગેની બાબત મંજૂર કરવી.**

**(નોંધ : સંસ્થાનો તા.૧૭/૦૯/૨૦૧૪ના પત્રની નકલ તથા કોલેજના નામ ફેરફાર અંગેનો ટ્રસ્ટના ઠરાવની નકલ પરિશિષ્ટ "૧૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૮ જોડાણ શ્રી ઉમીયા પરિવાર એજયુકેશન ટ્રસ્ટ, સિદસરને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી નવા જોડાણ તરીકે બી.સી.એનું જોડાણ સિન્ડિકેટની તા.૧૪/૦૬/૧૪ની સભાના ઠરાવ નં.૩૪થી મંજુર કરવામાં આવેલ અને કોલેજને અને રાજય સરકારશ્રીને આ અંગેની દરખાસ્ત જુલાઈ–૧૪થી મોકલવામાં આવેલ હતી. ટ્રસ્ટનાં તા.૦૭/૦૧/૧૫નાં પત્રથી બી.સી.એનું જોડાણ મોડેથી મળેલ હોય વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાયો ન હોય, પ્રથમ વર્ષ બી.સી.એનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ને બદલે શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫–૧૬માં તબદીલ કરી આપવા અંગે કરેલ વિનંતી અંગે વિચારણા કરવા અર્થે.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ઉમીયા પરિવાર એજયુકેશન ટ્રસ્ટ, સિદસરને પ્રથમ વર્ષ બી.સી.એ.નું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ ને બદલે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬માં તબદીલ કરવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ : શ્રી ઉમીયા પરિવાર એજયુકેશન ટ્રસ્ટ, સિદસરના તા.૦૭/૦૧/૧૫ ના પત્રની નકલ પરિશિષ્ટ "૧૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૯ જોડાણ — શિક્ષણ વિભાગના પત્રાંકઃપરચ/૨૦૧૪/જીઓવીઆર–૨૦/ખ.૧, તા.૦૯/૦૯/૨૦૧૪ ના અહેવાલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ :

૧. યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ અન્વયે સરકારશ્રીના તા.૦૪/૦૭/૨૦૧૨ના પત્રથી આપવામાં આવેલ માર્ગદર્શન અનુસાર ટ્રસ્ટ દ્વારા કોલેજ શરૂ કરવાના ત્રીજા વર્ષના અંતે કોલેજને પોતાનું મકાનનું બાંધકામ પૂર્ણ ન કરે તો વધુમાં વધુ પાંચ વર્ષ સુધી છુટ આપી શકાય તેવી જોગવાઈ છે. પરંતુ સંસ્થા પોતાના મકાનનું કામ પૂર્ણ ન થાય ત્યા સુધી હંગામી જોડાણની પૂનઃ મંજુરી આપવાની રહેતી નથી.

૨. અત્રેની યુનિવર્સિટી દ્વારા આવી કોલેજો પાસેથી નિયમો અનુંસાર લેવાની થતી ₹૧૨,૦૦,૦૦૦/– ની ડીપોઝીટ લેવાની જોગવાઈ છે પરંતુ જે તે સંસ્થા પાસેથી જે–તે સમયે ડીપોઝીટ લેવામાં આવેલ નથી શા કારણોસર ડીપોઝીટની રકમ લેવામાં આવેલ નથી, તેની વિગતો વિભાગ પાસે ઉપલબ્ધ નથી.

૩. સરકારશ્રીનાં પત્રની વિગતે ડિપોઝીટની રકમ લીધેલ નથી, જે નિયમ અનુંસાર યોગ્ય છે કે કેમ ? તે અંગે યુનિવર્સિટી દ્વારા આધાર સાથે સ્વયંસ્પષ્ટ અભિપ્રાય આપવા જણાવે છે.

૪. ઉપરોકત બાબતોને ધ્યાને લેતા પત્રમાં જણાવ્યા અનુંસાર ડિપોઝીટની રકમ ન લીધી હોવા છતા કોલેજોને કામ ચલાઉ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરી છે તેવી કોલેજોની સંપૂર્ણ યાદી પુરી પાડવા અને જો આવી કોલેજને વર્ષો વર્ષ ચાલું જોડાણ મંજૂર કરવા માટે રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ હોય તો તે કયાં નિયમ હેઠળ કરવામાં આવી છે, તેની પણ સ્પષ્ટતા સહીતનો અહેવાલ મોકલવા જણાવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટ–૧૯૬૫ની કલમ ૨૨(૨)(xii) મુજબ એકેડેમિક કાઉન્સિલની ભલામણ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટ–૧૯૬૫ની કલમ ૨૦(૧)(xxvii) અનુસાર સિન્ડિકેટ દ્વારા જોડાણની ભલામણ રાજય સરકારશ્રીને કરવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટ–૧૯૬૫ ની કલમ ૩૪(૩)(ડી) અનુસાર સિન્ડિકેટ દ્વારા લેવાયેલ નિર્ણય કલમ ૩૪(૪) મુજબ કુલસચિવ દ્વારા એકેડેમિક કાઉન્સિલ/સિન્ડિકેટનાં ઠરાવ, જોડાણ અરજી અને આનુસાંગીક વિગતો રાજય સરકારશ્રીને મોકલી આપવામાં આવે છે. અને સંદર્ભિત કોલેજો યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ પહેલા સ્થપાયેલી હોઈ, યુ.જી.સી. રેગ્યુલેશન –૨૦૦૯ એમેન્ડમેન્ટ–૨૦૧૨ અનુસાર આ કોલેજોને યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ની જોગવાઈ લાગુ પડતી નથી" તે અનુસારનો હકીકતલક્ષી અહેવાલ રજૂ કરવો.**

**(નોંધ : શિક્ષણ વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૪ ના અહેવાલ પત્રની નકલ પરિશિષ્ટ "૧૬" તરીકે આ સાથે સામેલ છે.)**

30 જોડાણ યુનિવર્સિટી સંલગ્ન નવી કોલેજ / સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૫ થી શરૂ કરવા માટે પ્રોસેંસીગ ફી સાથે જોડાણ અરજી કરવામાં આવેલ છે. સિન્ડિકેટની તા.૦૫/૦૨/૨૦૧૪ ની સભાનાં ઠરાવ ક્રમાંક–૨ થી કમિટિનો અહેવાલ સિન્ડિકેટે સ્વીકારેલ છે. કમિટિની ભલામણ અનુસાર કાઉન્સિલ સિવાયનાં અભ્યાસક્રમોની નવી કોલેજ / સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમની જોડાણ અરજી સ્વીકારવી કે ન સ્વીકારવી તેનો નિર્ણય સિન્ડિકેટ દ્વારા લેવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલત્વી રાખવી પરંતુ જે કોલેજો યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ અનુસારનાં નિયમોની પૂર્તતા કરતી હોય તેવી કોલેજોમાં આગળની કાર્યવાહી કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પરિશિષ્ટમાં ક્રમ નં.૧૨ ઉપર દર્શાવવામાં આવેલી કોલેજ માટે "એશોસીએશન ઓફ ફિઝીયોથેરાપી" ની મંજૂરી જરૂરી હોઈ, એલ.આઈ.સી. નિયુકત કર્યાની બાબત માન્ય રાખી પરિશિષ્ટ માંથી દૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો દ્વારા યુ.જી.સી. સમક્ષ "૦૫ એકર જમીનની જરૂરીયાત" ના નીયમમાં સુધારો કરવા માટે રજૂઆત કરવી.**

**(નોંધ : ઉકત વિગતોનું પરિશિષ્ટ "૧૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૧ જોડાણ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટનો તા.૧૪/૧૧/૨૦૧૪ નાં પત્રમાં જણાવ્યા પ્રમાણે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ અંતર્ગત નૂપુર ઈન્સ્ટીટયુટ , વડોદરા ખાતે પોસ્ટ બી.એસસી. નર્સિગ કોર્ષ શૈક્ષિણક વર્ષ ૨૦૧૩–૧૪ થી ચાલે છે તે શૈક્ષિણક વર્ષ ૨૦૧૪–૧૫ થી અત્રેની યુનિવર્સિટી સાથે ડીએફીલીએટેડ થઈ અન્ય યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માંગતા હોય અત્રેની યુનિવર્સિટી સાથે ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ અંતર્ગત પોસ્ટ બી.એસસી. નર્સિગ કોર્ષનું જોડાણ અન્ય યુનિવર્સિટીમાં મેળવી ચલાવે તો કોઈ વાંધો નથી તે મતલબનું એન.ઓ.સી. આપવા વિનંતી કરેલ છે.

અન્ય યુનિવર્સિટી સાથે જોડાણ મેળવે તે બાબતનું એન.ઓ.સી. આપવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યક્ષેત્ર સિવાયના સ્થળે હોઈ એન.ઓ.સી. આપવાની જરૂરીયાત રહેતી નથી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજ પાસેથી નિયમ મુજબ ડીએફીલીએશન ફી વસુલ લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી ડીએફીલીએટ કરવા માટે માનનીય રાજય સરકારશ્રીને ભલામણ કરવી અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી નવા કોઈ પ્રવેશ આપવા નહીં.**

**(નોંધ : ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટનો તા.૧૪/૧૧/૨૦૧૪ નો એન.ઓ.સી. આપવા બાબતની રજૂઆત કરતા પત્રની નકલ પરિશિષ્ટ "૧૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૨ શા.શિ. તા.૧૧/૦૭/૨૦૧૪ના રોજ મળેલ બોર્ડ ઓફ સ્પોર્ટસની સભામાં નકિક થયા મુજબની તા.૦૮/૦૯/૨૦૧૪ના રોજ મળેલ કમિટિએ કરેલ ઠરાવ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૧/૦૭/૨૦૧૪ના રોજ મળેલ બોર્ડ ઓફ સ્પોર્ટસની સભામાં નકિક થયા મુજબની તા.૦૮/૦૯/૨૦૧૪ના રોજ મળેલ કમિટિએ કરેલ ઠરાવ જરૂરી સુધારાઓ સાથે મંજૂર કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ : કમિટિએ કરેલ ઠરાવની નકલ પરિશિષ્ટ "૧૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૩ બાંધકામ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લીઝની મુદ્દત વધારી આપવા બાબત.

(નોંધ : ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીને મકાનની વ્યવસ્થા યુનિવર્સિટી કેમ્પસમાં જુના સિમેન્ટ ગોડાઉન બિલ્ડિંગમાં લીઝથી આપવામાં આવેલ છે. આ લીઝની મુદ્દત તા.૦૧/૦૮/૨૦૦૫ થી તા.૩૧/૦૭/૨૦૧૫ સુધી એટલે કે દશ વર્ષની છે. આ લીઝ તા.૩૧/૦૭/૨૦૧૫ના રોજ પુરી થાય છે. હાલમાં પ્રતિમાસ ₹૧૦૦૦/– ભાડું લીઝ મુજબ છે.

યુનિવર્સિટીમાં પરીક્ષા વિભાગને ઉત્તરવહી રાખવા માટે અવાર નવાર જગ્યાની જરૂરીયાત ઉભી થાય છે. જેને ધ્યાનમાં લેતા ઉપરોકત લીઝની મુદ્દત વધારવી કે કેમ? તે અંગે નિર્ણય લેવાનો રહે છે. વિશેષમાં જો લીઝની મુદ્દત વધારવામાં આવે તો નવેસરથી કેટલુ રેન્ટ રાખવું તે નકિક કરવાનું રહે છે. આ અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા બાબત.)

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારની મુદત વધુ એક વર્ષ લંબાવવા માટે મંજૂરી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારવામાં આવેલી મુદત માટે સુધારેલુ ભાડુ નકકી કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૩૪ હિસાબ કેશ હિસાબ કેશ વિભાગમાં વિદ્યાર્થી, કોલેજ, ટ્રસ્ટો વગેરેને તેમના દ્વારા ભરવામાં આવતી ફી ની રસીદ આપવામાં આવે છે. રસીદ ગેરવલ્લે થાય ત્યારે કેશ વિભાગ ₹ ૫/– (પાંચ) ફી લઈ ડુપ્લીકેટ રસીદ કાઢી આપે છે.

ઉપરોકત નોમીનલ ફીના કારણે વિદ્યાર્થી / કોલેજ મૂળ રસીદ શોધવાને બદલે ડુપ્લીકેટ રસીદ કઢાવી લેવાનો આગ્રહ રાખે છે. જે બાબતે રેકર્ડ તપાસીને ડુપ્લીકેટ રસીદ અપાતી હોય વિભાગનો ઘણો સમય વેડફાય છે ઉપરાંત ડુપ્લીકેટ માર્કસીટના પણ આપણે ₹ ૫૦/– (પચાસ) ફી લઈએ છીએ. જે ધ્યાને લઈ ડુપ્લીકેટ રસીદની ફી ₹ ૫/– (પાંચ) ને બદલે ₹ ૫૦/– (પચાસ) લેવા અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબત નામંજૂર કરવી.**

